KAISER PERMANENTE.

# તબીબી નાણાંકીય સહાયતા નીતિનો સાર

Kaiser Permanente નો તબીબી સહાયતા કાર્યક્રમ (Medical Financial Assistance, MFA) લાયક દર્દીઓ માટે નાણાંકીય સહાયતા પૂરી પાડે છે જેમને પોતે Kaiser Permanente સુવિધામાં મેળવતા અથવા Kaiser Permanente પ્રદાતા દ્વારા તેઓ જે કટોકટી અથવા તબીબી રીતે આવશ્યક સંભાળ મેળવે છે તેના માટે ચૂકવણી કરવામાં મદદની જરૂર હોય. દર્દીઓ ઓનલાઇન, રૂબરૂમાં, ફોનથી અથવા કાગળ પર અરજી કરવા સહિતની ઘણી રીતોથી MFA કાર્યક્રમ માટે અરજી કરી શકે છે. લાયક થવા માટે દર્દીઓએ નીચેની લાયકાતની જરૂરિયાતો પૂરી કરવાની રહેશે.

**નાણાંકીય સહાયતા માટે કોણ લાયક છે અને તેની જરૂરિયાતો શું છે?**
કાર્યક્રમ ઓછી આવક ધરાવતા, વીમા વગરના અથવા ગેરલાયક દર્દીઓને મદદ કરે છે જેમને તેમની તબીબી સંભાળના પૂર્ણ કે અમુક હિસ્સા માટે ચૂકવણી કરવામાં મદદની જરૂર હોય. સામાન્ય રીતે, દર્દીઓની કુલ ઘરગથ્થુ આવક ફેડરલ ગરીબી માર્ગદર્શિકાઓ (Federal Poverty Guidelines, FPG) ના 400% જેટલા અથવા તેનાથી નીચે હોય અથવા તેઓ અસામાન્યપણે ઊંચો તબીબી ખર્ચ ધરાવતા હોય ત્યારે તેઓ નાણાંકીય સહાયતા માટે લાયક હોય છે. યોગ્યતા નક્કી કરવા અને અરજી કરવામાં મદદ માટે દર્દીઓએ નાણાંકીય સલાહકાર સાથે વાત કરવી જોઈએ.

*જેઓ તબીબી નાણાંકીય સહાયતા માટે લાયક હોય તેવા દર્દીઓ પાસેથી કટોકટી અથવા અન્ય તબીબી રીતે જરૂરી સંભાળ માટે સામાન્ય રીતે બિલ કરવામાં આવતી રકમો (Amounts Generally Billed, AGB) થી વધારે ચાર્જ વસુલવામાં આવતો નથી. AGB ની માહિતી માટે kp.org/mfa/scal જુઓ.*

**શું Kaiser Permanente સરકારી અને ખાનગી કાર્યક્રમની યોગ્યતા માટે દર્દીઓની તપાસ કરે છે?**
Kaiser Permanente દર્દીઓને સંભવિત સરકારી અને ખાનગી કાર્યક્રમો ઓળખવામાં મદદ કરે છે જેનાથી તેમની સ્વાસ્થ્ય સંભાળ પહોંચની જરૂરિયાતોમાં મદદ મળી શકે છે. કોઇપણ સરકારી અથવા ખાનગી સ્વાસ્થ્ય કવરેજ કાર્યક્રમ માટે લાયક ગણાતા કોઇપણ દર્દી આ કાર્યક્રમો માટે અરજી કરે તે જરૂરી છે.

**કાર્યક્રમ શું આવરી લે છે?**
તબીબી નાણાંકીય સહાયતા કાર્યક્રમ Kaiser Permanente મેડિકલ ઑફિસ, હૉસ્પિટલ, ફાર્મસી અથવા Kaiser Permanente પ્રોવાઈડર દ્વારા પૂરી પાડવામાં આવતી તબીબી રીતે જરૂરી સંભાળને આવરી લે છે. જે આવરી લેવામાં આવી નથી તેવી સેવાઓમાં એવા પ્રકારની સેવાઓનો સમાવેશ થાય છે જે Kaiser Permanente પ્રોવાઈડર દ્વારા  કટોકટીની અથવા તબીબી રીતે જરૂરી મનાતી ન હોય તેવી સેવાઓ, બિનફળદ્રૂપતાની સારવારો અને સરોગસી સેવાઓ તેમજ સ્વાસ્થ્યસંભાળ પ્રીમિયમોનો સમાવેશ થાય છે. MFA નીતિમાં વધારે સંપૂર્ણ યાદી કૃપા કરીને જુઓ.

**શું ભાષાની કોઇ સહાયતા છે?**
દુભાષિયાઓ તમને કોઇ ખર્ચ વિના ઉપલબ્ધ છે. તબીબી નાણાંકીય સહાયતા અરજી, નીતિ અને આ નીતિનો સાર તમારી ભાષામાં ઉપલબ્ધ હોઈ શકે છે. વધુ માહિતી માટે 800-464-4000 પર કૉલ કરો અથવા kp.org/mfa/scal ખાતે અમારી વેબસાઈટની મુલાકાત લો.

**¿Se ofrece asistencia con el idioma?**
Hay intérpretes disponibles sin costo para usted. Es posible que la solicitud para recibir asistencia financiera para los gastos médicos, la póliza y este resumen de la póliza estén disponibles en su idioma. Para obtener más información, llame al 800-464-4000 o consulte nuestro sitio web en kp.org/mfa/scal.

**是否提供語言協助?**
可免費為您提供口譯服務。醫療財務援助申請、政策和本政策摘要均可用您的語言提供。詳情請撥打 800-464-4000 或瀏覽網站 kp.org/mfa/scal。

**શું Kaiser Permanente નાણાંકીય સહાયતા નીતિ ધરાવે છે?**
તમે 800-390-3507, પર કૉલ કરીને Kaiser Permanente ની તબીબી નાણાંકીય સહાયતા નીતિની મફત નકલની પોસ્ટ ઓફીસ પર પોસ્ટ દ્વારા વિનંતી કરી શકો છો, P.O. Box 7086, Pasadena, CA 91109-7086, અથવા અમારી વેબસાઈટ જે kp.org/mfa/scal પર છે.

**શું મદદની જરૂર છે?**
મદદ માટે અથવા તબીબી નાણાંકીય સહાયતા અરજી પ્રક્રિયાઓ વિશે પ્રશ્નો હોય તો કૃપા કરીને 800-390-3507 પર કૉલ કરો અથવા કોઇપણ Kaiser Permanente ખાતે દાખલ થવાના વિભાગમાં  નાણાંકીય સલાહકાર સાથે વાત કરો.

**હું કેવી રીતે અરજી કરી શકું?**
તમે ઘણી રીતે તબીબી નાણાંકીય સહાયતા માટે અરજી કરી શકો છો -- ઓનલાઈન પ્રોગ્રામ માહિતીની અરજી કરીને, રૂબરુમાં કાર્યક્રમની વિનંતી કરીને, અથવા તો ફોન દ્વારા અથવા તો નીચેનામાંથી કોઇપણ સ્રોતોમાંથી કાગળ પર અરજીની :વિનંતી કરીને:

- પર ઓનલાઈન kp.org/mfa/scal
- કોઈ પણ Kaiser Permanente હૉસ્પિટલ ખાતે દાખલ થવાના વિભાગમાં નાણાંકીય સલાહકાર સાથે અથવા તાકીદના વિભાગમાં.
- 800-390-3507 પર ફોન કરો
- ટપાલ દ્વારા (વિના મૂલ્યે) P.O. Box 7086, Pasadena, CA 91109-7086
- kp.org/mfa/scal ખાતે Kaiser Permanente કમ્યુનિટિની વેબસાઈટ દ્વારા અરજી ડાઉનલોડ કરો.

કૃપા કરીને પૂરી થયેલી અરજીઓ (અરજીની સૂચનાઓમાં જણાવેલા બધા જરૂરી દસ્તાવેજો અને સૂચવેલી માહિતી સહિત) સૌથી નજીકની Kaiser Permanente હૉસ્પિટલના દાખલ થવાના અથવા ઈમર્જન્સી વિભાગને મોકલો અથવા અરજી આ સરનામે મોકલો: MFA Program, P.O. Box 7086, Pasadena, CA 91109-7086.

Kaiser Permanente સુપ્રત થયેલી અરજીઓની સમીક્ષા ત્યારે કરશે જ્યારે તે સંપૂર્ણ હોય અને નક્કી કરશે કે તમે Kaiser Permanente તબીબી નાણાંકીય સહાયતા નીતિ પ્રમાણે લાયક છો કે નહીં. અધૂરી અરજીઓના પરિણામે તમારી MFA અરજીની પ્રક્રિયામાં વિલંબ થઈ શકે છે અથવા તે નકારવામાં આવી શકે છે પરંતુ Kaiser Permanente અરજદારોને જાણ કરશે અને જરૂરી અંતિમ તારીખ સુધીમાં ખૂટતા દસ્તાવેજો અથવા માહિતી મોકલવાની તક પૂરી પાડશે.

©2022 Kaiser Foundation Hospital;
Kaiser Foundation Health Plan, Inc.